| | | |
|---|---|---|
| GJPM040018512024 | રજુ તારીખ | ૨૩/૦૫/૨૦૨૪ |
| | નિકાલ થયા તારીખ | ૦૩/૦૮/૨૦૨૬ |
| | અવધિ : _ વર્ષ __ માસ __ દિવસ | |

**હાલોલના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીની કોર્ટમાં...**
[Criminal Case No.1068/2024]
(Details FIR 11207079230443/2023
Halol Rural Police Station)

**આંક : ......**

| | |
|---|---|
| ફરીયાદી : | **શ્રી સરકાર** |
| ફરીયાદી તર્ફે : | **વિ.એ.પી.પી.શ્રી એન.એચ.પટેલ** |
| આરોપી : | ૧. **રાકેશભાઈ ગણપતભાઈ ગોહિલ**<br>૨. **રમણભાઈ છગનભાઈ ગોહિલ**<br>બંને રહે. સાથરોટા હીરાપુરા,<br>તા.હાલોલ, જિ.પંચમહાલ<br>૩. **મોહસીન મુસ્તાક શેખ**<br>રહે. મેધાવાડા પાવાગઢ રોડ,<br>તા.હાલોલ, જિ.પંચમહાલ |
| આરોપી તર્ફે : | **વિ.વકીલ શ્રી પી.એન. પરમાર / એમ.આઈ.પાડવા** |

-----------------------------------------

**ગુન્હો :**- ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ-૬૫ એ.ઈ., ૧૧૬ બી, ૮૧ મુજબ.

-----------------------------------------

**:: જજમેન્ટ ::**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫ એ.ઈ., ૧૧૬ બી, ૮૧ મુજબના ગુનાનો આરોપ છે. આ કામે ચાર્જશીટ

રજુ થતાં આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા છે.આરોપીને કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવી.ત્યારબાદ, ફરીયાદપક્ષના કેસની વિગતે તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનો કબુલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે, તેથી ફરીયાદપક્ષનો પુરાવો આરોપીની હાજરીમાં નોંધવામાં આવ્યો.

૨. વધુમાં આરોપીઓનું ક્રિ.પ્રો.કો. કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓ નકારાત્મક બચાવ લઈ બચાવના સાક્ષી તપાસેલા નથી કે જુબાની આપેલ નથી અને ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

3. ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| **આંક** | **ફરીયાદી / સાહેદની વિગત** |
|---|---|
| ૨૦ | પંચસાહેદ કાન્તીભાઈ સોમભાઈ રાઠોડીયા |
| ૨૬ | ફરીયાદી બળવંતસિંહ ફતેસિંહ બારીઆ |
| ૩૪ | પોલીસ સાહેદ શકિતસિંહ દિલીપસિંહ પરમાર |
| ૩૫ | ત.ક.અ.સંપત સીતારામ મહામુનકર |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|
| ૨૧ | પંચનામું |
| ૨૭ | ફરીયાદ |
| ૩૭ | સુચિપત્ર |

૪. ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખીક રીતે જાહેર કરેલ છે.

૫. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાભળવામાં આવી.

૬. ઉપરોકત કેસની હકીકત,સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવા ને તેમજ દલીલો ને ઘ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ :–**

(૧) શું ફરિયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મોજે : હીરાપુરા ફળિયામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂના કાચના ટીન બીયર તથા કવાટર મળી કુલ નંગ– ૧૭૮૫ કિંમત રૂા.૨,૧૧,૫૧૩/– નો ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો પ્રોહી મુદામાલ રાખી, ઘી ગુજરાત પ્રોહી. એકટ કલમ–૬૫ એ.ઈ., ૧૧૬ બી, ૮૧ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

**<u>:: મુદ્દાઓના જવાબ ::</u>**

૭. ઉપરોકત મુદ્દાના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

૮. આરોપીઓ સામેનો હાલનો ગુન્હો ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેના ગુન્હાની હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે અને હાલના કેસમાં પણ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત સાબીત કરવાનો પુરાવાનો બોજ ફરીયાદ પક્ષ પર રહેલો છે.

**મુદ્દા નં.૧,૨ :-**

૯. ફરિયાદપક્ષે આ કામમાં પંચ સાહેદને તપાસેલા છે આ કામમાં પંચ સાહેદ પોતાની જુબાની દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઈપણ રીતે સમર્થન કરતા નથી. તેથી આ કામે પંચનામાને ફકત સહી પુરતો જ આંક આપવામાં આવેલ છે. સદર પંચ સાહેદને ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેઓની વિસ્તારપૂર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પંરતુ તેમ છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

૧૦. ફરીયાદી, ત.ક.અ. તથા પોલીસ સાહેદનો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ ફરિયાદ તથા તપાસપ્રક્રિયાને અનુરૂપ પુરાવો આપેલ છે અને ફરીયાદ રજુ થયેલ છે.

બચાવપણે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, મુદ્દામાલ બીનવારસી મળી આવેલ છે કોઈના કબજામાંથી મળી આવેલ નથી. જે મકાનમાંથી મુદ્દામાલ મળી આવેલ છે તે મકાન કોણી માલીકીનું હતુ તેની આકારણી કે જવાબ લીધેલ નથી કે લાઈટ બીલ મેળવેલ નથી. મનોરમા વિસ્તાર ખુબ ભરચક છે અને વસ્તી વાળો છે.

કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોય તેવું બનેલ નથી. આરોપી નં.૩ મોહસીન મુસ્તાક શેખનું નામ એફ.આઈ.આર.માં લખેલ નથી.

**૧૧.** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ત.ક.અમલદાર તથા ફરીયાદીના પુરાવા મુજબ બનાવ સ્થળે મકાન માંથી મુદ્દામાલ વિદેશી દારુ મળી આવેલ અને તેનું પંચોની હાજરીમાં પંચનામું કરેલ તેવી હકીકત જણાવેલ છે. પરંતુ આ કામના પંચસાહેદોએ સદર પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને પંચનામાની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. જેથી પંચસાહેદોની હાજરીમાં આરોપીઓના કબજામાંથી મુદ્દામાલ વિદેશી દારુ મળી આવેલ હોય તે હકીકત પંચસાહેદના પુરાવાથી શંકાસ્પદ બને છે. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી. એચ. જે.(૧)** or **LAWS(GJH)-2010-11-33** પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચસાહેદો ફરિયાદપક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિં. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓના સભાન કબજામાંથી મુદ્દામાલ વિદેશી દારુ મળી આવેલ હોય તેવો સબળ, માની શકાય તેવો પુરતો પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. વધુમાં મુદ્દામાલ મળી આવેલ તે મકાન આરોપીઓની માલીકીની હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો તપાસ દરમ્યાન મેળવેલ હોય તેવો પુરાવો નથી તેમજ તેવો દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષે ટ્રાયલ દરમ્યાન રજુ કરેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાતું નથી.

વધુમાં ફરીયાદી તથા ત.ક.અમલદારના પુરાવાને સમર્થનકર્તા અન્ય કોઈ તટસ્થ સાહેદનો મૌખિક પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. વધુમાં ફરીયાદ પક્ષે તરફે એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ આ કામે રજુ થયેલ નથી તે જોતાં પકડાયેલ મુદ્દામાલ કેફી પ્રવાહી હોવાની હકીકત સાબીત થઈ શકતી નથી. આમ, ફરીયાદી તથા ત.ક.અમલદારના પુરાવાથી ગુનાની તપાસની પ્રક્રિયા માત્ર સાબીત થાય છે. એ હકીકત છે કે તમામ પોલીસ સાહેદ છે તેટલા કારણમાત્રથી તેઓનો પુરાવો અવગણી શકાય નહી પરંતુ પોલીસ સાહેદોના પુરાવામાં મુદ્દામાલ વિદેશી દારુ આરોપીઓના સભાન કબજામાંથી પકડાયેલ છે તે હકીકત શંકાથી પર સાબીત થવી જોઈએ અને પંચસાહેદોએ જ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી ત્યારે મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારુ પંચોની હાજરીમાં પોલીસે પકડેલ છે તે હકીકત સાબીત થઈ શકતી નથી તેમજ મુદ્દામાલ કેફી પ્રવાહી છે તેવો કોઈ વૈજ્ઞાનિક પુરાવો પણ આ કામે રજુ થયેલ નથી.

**૧૨.** આમ, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવવા ન્યાયના હીતમાં ઉચિત જણાતુ નથી. તેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનું આક્ષેપિત ગુનાહીત કૃત્ય પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોય આરોપીઓને નિર્દોષ છોડવા જરૂરી જણાતા હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

(૧) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ એ.ઈ., ૧૧૬ બી, ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓના કામે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પ્રોહી. દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

(૩) ક્રિ.પ્રો.કો.ક.–૪૩૭ (એ) અન્વયે, આરોપીઓએ રૂા.૫૦૦૦/– ના જામીન આપવા.

આ ચુકાદો આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૩/૦૮ /૨૦૨૬
મુ.હાલોલ

(કિર્તી શર્મા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટ
હાલોલ–પંચમહાલ

રમજાની શકલા (પી.એ./સ્ટેનોગ્રાફર)

UNIQUE CODE GJ01721